PG CL પશ્ચિમ ગુજરાત વિજ કંપની લિમિટેડ PG CL

## ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર

રજી. અને કોર્પોરેટ ઓફિસ, લક્ષ્મીનગર, નાના મવા રોડ, રાજકોટ ફોન નં. (૦૨૮૧) ૨૩૮૦૪૨૫ - ૨૩૮૦૪૨૭, ફેક્સ નં. (૦૨૮૧) ૨૩૮૦૪૨૮

CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com ઈ–મેઈલ :– forum.pgvcl@gebmail.com

નં. પીજીવીસીએલ/સીજીઆરએફ/ડર/કવા–૦૪/૧૫–૧૬ / ૪૪૬૨ તા. ૧૩/૦૬/૧૬

**રજી. એ.ડી. પત્ર**

પ્રતિ,

કાળુભાઈ કાનાભાઇ ભાદરકા

જામ દેવળીયા,

તા કલ્યાણપૂર,

દ્વારકા

મો.7698050736

### વિષય :–નવા ખેત જોડાણ બાબત

<u>સંદર્ભ:– આપની અરજી , તા. ૨૬–૦૨–૧૬ (અત્રે ના ફોરમ ની નોધણી નંબર : ડ ર/કવા–૦૪/૧૫–૧૬)</u>

શ્રીમાન,

આપની ઉપરોકત વિષય અને સંદર્ભ મુજબની અરજી અન્વયે, અત્રેના ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર ની ફોરમ કમીટી તરફથી કરાયેલ નિર્ણય આ સાથે આપને મોકલવામાં આવે છે.

જે આપને સુવિદીત થાય. આભાર સહ.,

આપનો વિશ્વાસુ

( કે. ડી. વીરડીયા )
કન્વીનર
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર,
પીજીવીસીએલ – રાજકોટ.

બિડાણ : નિર્ણયપત્ર (પાના નં.) ૦૪

નકલ રવાના :

(૧) અધિક્ષક ઈજનેર શ્રી, પીજીવીસીએલ, વર્તુળ કચેરી જામનગર

(૨) કાર્યપાલક ઈજનેર શ્રી, પીજીવીસીએલ, વિભાગીય કચેરી દ્વારકા

(૩) નાયબ ઈજનેર શ્રી , પીજીવીસીએલ ,પેટા વિભાગીય કચેરી કલ્યાણપૂર

...સદર નિર્ણયપત્રની નકલ આપને આ સાથે મોકલવામાં આવે છે. જેની તમામ વિગતો અભ્યાસે લઈ અને નિર્ણયપત્રમાં દર્શાવેલ બાબતોની તાકીદે અમલવારી કરી અને તેનો લેખિત પ્રત્યુતરપત્ર અરજદારશ્રી તેમજ અત્રેના ફોરમને પાઠવવાનું આપને ભારપૂર્વક જણાવવામાં આવે છે.



No: 01/A

# ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર(રાજકોટ ફોરમ)

પીજીવીસીએલ, રજી. અને કોર્પોરેટ કચેરી,લક્ષ્મીનગર નાનામૌવા રોડ, રાજકોટ

CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com

કેસ નં. : સીજીઆરએફ : ૬૨/ક્વા–૦૪/૧૫–૧૬ કમિટિ મીટીંગ તા.૨૪–૦૫–૧૬ સ્થળ :–જામનગર

પક્ષકાર નં.:–(૧) અરજદાર (ફરીયાદી) :

અરજદાર (ફરીયાદી) : નામઃ કાળુભાઈ કાનાભાઈ ભાદરકા , ગામઃ જામદેવળીયા

રજુઆત કરનાર : અરજદાર શ્રી કાળુભાઈ કાનાભાઈ ભાદરકા હાજર રહેલ હતા

## વિરૂધ્ધ

પક્ષકાર નં.:–(૨) પીજીવીસીએલ (સામેવાળા) :

પીજીવીસીએલ (કચેરી) : પેટા વિભાગીય કચેરી, કલ્યાણપુર (કાર્યક્ષેત્ર : વિભાગીય કચેરી, દ્વારકા)

રજુઆત કરનાર : એન.જી. કારીયા, વિભાગીય કચેરી, દ્વારકા

## : હુકમ:

ફરીયાદ : નવા ખેતીવાડી વીજજોડાણ બાબત

મુદ્દા નં.–૧ : પક્ષકાર નં. –(૧) અરજદાર (ફરીયાદી) ની રજુઆત

| | |
|---|---|
| **૧.૧** | અરજદાર જણાવે છે કે, તેઓના ગામ : જામ દેવળીયા ખાતે ના ખેતીવાડી સર્વે નંબર : ૧૨૭ મા, તેઓ શ્રી એ, તેમના એટલેકે '' શ્રી કારૂભાઈ કાનાભાઈ ભાદરકા '' ના નામની, વર્ષ–૨૦૦૮ મા, સામાન્ય યોજના હેઠળ ના, નવા ૦૫ હોપા ના ખેતીવાડી વીજજોડાણ મેળવવાની અરજી, તેઓએ નોંધાવેલ હતી. તેઓ શ્રી ની આ અરજી હાલ, મંજુરી ની પ્રક્રીયા હેઠળ આ અરજી આવેલ છે. આ સમયે, માંગણી મુજબ ના સ્થળ પર, એટલેકે સર્વે નંબર : ૧૨૭ મા, અગાઉ તેમના પિતાશ્રી કાનાભાઈ લક્ષ્મણભાઈ ભાદરકા ના નામની, અગાઉ ની અરજી પર નુ, એક ખેતીવાડી વીજજોડાણ ન. : ૮૫૭૨૦/૦૦૯૦૬/૦ જે તા.૧૩–૦૭–૧૦ થી હૈયાત હોય, બીજુ જોડાણ મળી શકે તેમ ન હોવા ના નિયમાધીન કારણોસર, પીજીવીસીએલ તરફથી, વર્ષ–૨૦૦૮ મુજબ ની અરજી વાળુ, તેઓને સદર નવુ ખેતીવાડી વીજજોડાણ અપાયેલ નથી. અરજદાર જણાવે છે કે, અમોને, વર્ષ–૨૦૦૮ ની સ્થિતીએ અમલવારી મા રહેલ નિયમ મુજબ, એક જ સ્થળ પર એક થી વધુ જોડાણ મળે તે મુજબ નો પીજીવીસીએલ મા નિયમ હતો, જેથી, આ નિયમ મુજબ તેઓને માંગણી મુજબ ના સર્વે નંબર : ૧૨૭ મા વર્ષ–૨૦૦૮ મુજબ ની અરજી વાળુ,નવુ જોડાણ મળે તે માટે,અરજદારે અત્રેના ફોરમ સમક્ષ ન્યાયિક રજુઆત કરેલ છે. |
| **૧.૨** | વિશેષ મા, અરજદારે ફોરમ કમિટી ની મીટીંગ મા રૂબરૂ ઉપસ્થિત રહી અને જણાવેલ છે કે, હાલ ના તબ્બકે,તેઓએ પીજીવીસીએલ મા તા.૦૫–૦૪–૧૬ ના રોજ, રૂ.૫૦૦/– નોંધણીચાર્જ ( રૂ.૩૦૦ નામ બદલી અને રૂ.૨૦૦ શીફટીંગ ) જે રસીદ નંબરઃ૭૦૦૦૦ થી ભરપાઈ કરી અને '' તેમની મુળ વર્ષ–૨૦૦૮ ની સામાન્ય યોજના હેઠળ નોંધાયેલ અરજી વાળુ, ૦૫ હોપા નુ નવુ ખેતીવાડી વીજજોડાણ ની અરજી '' જે હાલ મંજુરી ની પ્રક્રીયા હેઠળ આવેલ હોય, તે અરજી ને, '' મુળ કારૂભાઈ કાનાભાઈ ભાદરકા ના નામ પરથી, તેમના પત્નિી શ્રી હીરીબેન કારૂભાઈ ભાદરકા ના નામ પર, નામ બદલી સાથે મુળ માંગણી મુજબ ના સર્વે નંબર : ૧૨૭ માથી, તેમના પત્નિી શ્રી હીરીબેન કારૂભાઈ ભાદરકા ના નામ પર ના સર્વે નંબર : ૧૨૪ ની જમીન પર'' નામ બદલી સાથે ની, શીફટીંગ ની અરજી આપેલ છે. પરંતુ, પીજીવીસીએલ તરફથી, શીફટીંગ ની માંગણી મુજબ ના સ્થળ એટલેકે સર્વે નંબર : ૧૨૪ ની જમીન પર બોર / કુવો હૈયાત ન હોય, જેથી, તેઓ શ્રી ની સદર નામ બદલી સાથે ની, શીફટીંગ ની અરજી પીજીવીસીએલ કક્ષાએથી પત્ર વ્યહવાર હેઠળ પડતર રખાયેલ છે. |
| **૧.૩** | વિશેષ મા, અરજદારે ફોરમ કમિટી ની મીટીંગ મા રૂબરૂ ઉપસ્થિત રહી અને જણાવેલ છે કે, તેમના પત્નિી શ્રી હીરીબેન ની માલીકી ના સર્વે નંબર : ૧૨૪ ની જમીન પર કુવો હૈયાત નથી, જેથી, હવે તેઓ, તા.૦૫–૦૪–૧૬ ના રોજ ની નોંધાયેલ નામ બદલી સાથે ની, શીફટીંગ ની અરજી મા, થોડો સુધારો કરી, અને સદર વર્ષ–૨૦૦૮ ની અરજી વાળુ જોડાણ, જે અરજી મા કરાયેલ માંગણી મુજબ ના સર્વે નંબર : ૧૨૪ ની જમીન ને બદલે, તેમના અન્ય સર્વે નંબર : ૩૨૮ અથવા તો બીજા સર્વે નંબર પર, નવો કુવો / બોર કરાવી અને તે મુજબ નામ બદલી સાથે, હવે પછી ની માંગણી મુજબ ના સર્વે નંબર ૩૨૮ અથવા તો બીજા સર્વે નંબર પર શીફટીંગ મેળવવા માટે ની વિનંતી રજુ કરે છે. |

**મુદદા નં.–૨ : પક્ષકાર નં. –(૨) પીજીવીસીએલ (સામેવાળા) પક્ષકાર ની રજુઆત**

| | |
|---|---|
| **૨.૧** | અરજદાર શ્રી, કારૂભાઈ કાનાભાઈ લખમણભાઈ ભાદરકા ના નામની; અગાઉ તેઓના ગામ : જામ દેવળીયા ખાતે ના ખેતીવાડી સર્વે નંબર : ૧૨૭ મા,સામાન્ય યોજના હેઠળ ના, નવા ૦૫ હોપા ના ખેતીવાડી વીજજોડાણ મેળવવાની, રૂ.૨૦૦/– નોધણીચાર્જ જે રસીદ નંબર:૨૭૫૬૯ તા.૧૬–૦૧–૦૮ થી ભરપાઈ કરાયેલ, અને સામાન્ય પ્રતિક્ષાયાદી રજીસ્ટર મા ક્રમ: ૪૪૧ હેઠળ નોંધાયેલ આ અરજી, જે હાલ, પીજીવીસીએલ ની સબંધક કચેરી કક્ષાએ, મંજુરી ની પ્રક્રીયા હેઠળ આ અરજી આવેલ છે. જેથી, પીજીવીસીએલ તરફથી, સદર તા.૧૬–૦૧–૦૮ ની અરજી મા કરાયેલ માંગણી મુજબ ના સ્થળ ખેતીવાડી સર્વે નંબર : ૧૨૭ નુ સ્થળ સર્વેક્ષણ કરતા સમયે, પીજીવીસીએલ ને માંગણી મુજબ ના સ્થળ પર, શ્રી કાનાભાઈ લખમણભાઈ ભાદરકા ના નામ નુ, એક ખેતીવાડી વીજજોડાણ નં. ૮૫૭૨૦/૦૦૯૦૬/૦, જે અગાઉ તા. ૧૩–૦૭–૧૦ થી હૈયાત હોવાનુ જણાયેલ હતુ. પીજીવીસીએલ મા, હાલ મા પીજીવીસીએલ મા પ્રવર્તમાન રહેલ એવા જીયુવીએનએલ ના પરીપત્ર નંબર: જીયુવીએનએલ/ટેક/એજીકને/૨૧૮૯, તા.૨૪–૧૦–૧૩ મા કરાયેલ જોગવાઈ મુજબ જે સર્વે નંબર મા એક જોડાણ હૈયાત હોય તો, તે જ સર્વે નંબર મા બીજુ જોડાણ નિયમાધીન મળી શકે નહી. આવા કારણોસર, અરજદાર શ્રી કારૂભાઈ કાનાભાઈ લખમણભાઈ ભાદરકા ને, આ નિયમાધીન બાબત ની જાણકારી આપી, અને તેઓ શ્રી ની મુળ તા.૧૬–૦૧–૦૮ ની, મંજુરી ની પ્રક્રીયા હેઠળ આવેલ, ૦૫ હોપા ના સામાન્ય યોજના હેઠળ ના નવા ખેતીવાડી વીજજોડાણ ને, મુળ અરજદાર અથવા તો તેમના સીધીલીટી ના વારસદાર ના નામે, મુળ અરજદાર અથવા તો તેમના સીધીલીટી ના વારસદાર ના નામે આવેલ અન્ય ખેતીવાડી સર્વે નંબર પર, નામ બદલી સાથે શીફટીગ મેળવવા માટે ની વિધીસર ની અરજી પીજીવીસીએલ મા રજુ કરવાનુ, અરજદાર ને જણાવવામા આવેલ હતુ. |
| **૨.૨** | જેથી, અરજદારે મુદદા નં. ૨.૧ મુજબ ની વિગતે ની, તા.૧૬–૦૧–૦૮ ની, મુળ અરજદાર શ્રી કારૂભાઈ કાનાભાઈ લખમણભાઈ ભાદરકા ની અરજી, કે જે સામાન્ય પ્રતિક્ષાયાદી ક્રમ: ૪૪૧ ના નોંધાયેલ છે, તે અરજી ને, '' મુળ કારૂભાઈ કાનાભાઈ ભાદરકા ના નામ પરથી, તેમના પત્નિી શ્રી હીરીબેન કારૂભાઈ ભાદરકા ના નામ પર, નામ બદલી સાથે મુળ માંગણી મુજબ ના સર્વે નંબર : ૧૨૭ માથી, તેમના પત્નિી શ્રી હીરીબેન કારૂભાઈ ભાદરકા ના નામ પર ના સર્વે નંબર : ૧૨૪ ની જમીન પર'' નામ બદલી સાથે ની, શીફટીગ ની અરજી, જે પીજીવીસીએલ મા તા.૦૫–૦૪–૧૬ ના રોજ, રૂ.૫૦૦/– નોધણીચાર્જ ( રૂ.૩૦૦ નામ બદલી અને રૂ.૨૦૦ શીફટીગ ) જે રસીદ નંબર:૭૦૦૦૦ થી ભરપાઈ કરી અને નોંધાવેલ હતી. જેથી, પીજીવીસીએલ તરફથી, શીફટીગ ની માંગણી મુજબ ના સ્થળ એટલેકે સર્વે નંબર : ૧૨૪ ની જમીન નુ સર્વેક્ષણ કરતા, માંગણી મુજબ ના શીફટીગ ના સર્વે નંબર : ૧૨૪ ની જમીન પર બોર / કુવો હૈયાત ન હોવાની બાબત પીજીવીસીએલ ને જણાયેલ હતી. જેથી, અરજદાર શ્રી ની સદર નામ બદલી સાથે ની, શીફટીગ ની અરજી પીજીવીસીએલ કક્ષાએથી પત્ર વ્યહવાર હેઠળ પડતર રખાયેલ છે. |
| **૨.૩** | હાલ ના તબ્બકે,અરજદારે, ફોરમ કમિટી ની તા.૨૪–૦૫–૧૬ ની મીટીગ મા રૂબરૂ ઉપસ્થિત રહી, અને મૌખીક ચર્ચા દરમ્યાન, જણાવ્યા મુજબ, હવે તેઓ શ્રી, તેમની મુળ તા.૦૫–૦૪–૧૬ ના રોજ ની નોંધાયેલ નામ બદલી સાથે ની, શીફટીગ ની અરજી મા, થોડો સુધારો કરી, અને સદર વર્ષ–૨૦૦૮ ની અરજી વાળુ જોડાણ, જે અરજી મા કરાયેલ માંગણી મુજબ ના સર્વે નંબર : ૧૨૪ ની જમીન ને બદલે, તેમના અથવા તો તેમના સીધીલીટી ના વારસદારો ના નામના અન્ય સર્વે નંબર : ૩૨૮ અથવા તો બીજા સર્વે નંબર પર, નવો કુવો / બોર કરાવી અને તે મુજબ નામ બદલી સાથે, હવે પછી ની માંગણી મુજબ ના સર્વે નંબર ૩૨૮ અથવા તો બીજા સર્વે નંબર પર જરૂર જણાયે નામ બદલી સાથે શીફટીગ મેળવવા માટે ની વિનંતી રજુ કરે છે. જેથી, અરજદાર શ્રી ની સદર માંગણી નિયમાધીન રીતે ગ્રાહય રાખી, અને હવે તેઓ , તેમની માંગણી મુજબ ના, અગાઉ ના સર્વે નંબર : ૧૨૪ સીવાય ના મુળ અરજદાર અથવા તો તેમના સીધીલીટી ના વારસદારો ના નામના અન્ય સર્વે નંબર : ૩૨૮ અથવા તો બીજા સર્વે નંબર મા, કે જેમા બોર / કુવો ન હોય તો બોર / કુવો કરી, માંગણી મુજબ ના શીફટીગ ના સ્થળ ની અદ્યતન સ્થિીતી ના દાખલાઓ ૭/૧૨, ૮–અ, હકક પત્રક નં.–૬, પાણીપત્રક નં.–૧૬, તેમજ જયા જરૂર જણાય ત્યા રૂ.૧૦૦/– ના નોટરાઈઝ સ્ટેમ્પપેપર પર ના સંમતીપત્ર રજુ કરશે તો, તેઓ શ્રી ની તા.૦૫–૦૪–૧૬ ના રોજ ની નોંધાયેલ નામ બદલી સાથે ની, શીફટીગ ની અરજી મા જરૂરી સુધારો કરાવશે તો, પીજીવીસીએલ તરફથી આ મુજબ ની નામ બદલી સાથે ની શીફટીગ ની અરજી ના અનુસંધાને, પીજીવીસીએલ તરફથી, નવેસર થી દરખાસ્ત રજુ કરી, અને સક્ષમ કચેરી ની મંજુરી મેળવી અને, તે મુજબ અરજદાર શ્રી ને મુળ તા.૧૬–૦૧–૨૦૦૮ ના રોજ ની સામાન્ય પ્રતિક્ષાયાદી રજીસ્ટર મા ક્રમ: ૪૪૧ મા નોંધાયેલ અરજી વાળુ, ૦૫ હોપા નુ સામાન્ય યોજના હેઠળ નુ નવુ ખેતીવાડી વીજજોડાણ, જે માંગણી મુજબ ના નામ પર અને માંગણી મુજબ ના સ્થળ પર નામ બદલી અને શીફટીગ સાથે ચાલુ કરવાની નિયમાધીન પ્રણાલી અંતર્ગત ની કાર્યવાહી પીજીવીસીએલ કક્ષાએથી કરવામા આવશે. |

**મુદ્દા નં.–૩ :** **: નિષ્કર્ષ :**

| | |
|---|---|
| **૩.૧** | અરજદાર શ્રી, કારૂભાઈ કાનાભાઈ લખમણભાઈ ભાદરકા ના નામની, અગાઉ તેઓના ગામ : જામ દેવળીયા ખાતે ના ખેતીવાડી સર્વે નંબર : ૧૨૭ મા,સામાન્ય યોજના હેઠળ ના, નવા ૦૫ હોપા ના ખેતીવાડી વીજજોડાણ મેળવવાની, રૂ.૨૦૦/– નોંધણીચાર્જ જે રસીદ નંબર:૨૭૫૬૯ તા.૧૬–૦૧–૦૮ થી ભરપાઈ થયેલ, અને સામાન્ય પ્રતિક્ષાયાદી રજીસ્ટર મા ક્રમ: ૪૪૧ હેઠળ નોંધાયેલ આ અરજી, જે હાલ, પીજીવીસીએલ ની સબંધક કચેરી કક્ષાએ, મંજુરી ની પ્રક્રીયા હેઠળ આ અરજી આવેલ છે. પરંતુ, પીજીવીસીએલ પક્ષકાર ના જણાવ્યા મુજબ ની વિગતે, શ્રી કારૂભાઈ કાનાભાઈ લખમણભાઈ ભાદરકા ના નામની,સદરે તા.૧૬–૦૧–૦૮ ની અરજી મા કરાયેલ માંગણી મુજબ ના સ્થળ પર હાલ, શ્રી કાનાભાઈ લખમણભાઈ ભાદરકા ના નામ નુ, એક ખેતીવાડી વીજજોડાણ નં. ૮૫૭૨૦/૦૦૯૦૬/૦, જે અગાઉ તા. ૧૩–૦૭–૧૦ થી હૈયાત હોવાથી, પીજીવીસીએલ મા, હાલ મા પીજીવીસીએલ મા પ્રવર્તમાન રહેલ એવા જીયુવીએનએલ ના પરીપત્ર નંબર: જીયુવીએનએલ/ટેક/એજીકને/૨૧૮૯, તા.૨૪–૧૦–૧૩ મા કરાયેલ જોગવાઈ મુજબ જે સર્વે નંબર મા એક જોડાણ હૈયાત હોય તો, તે જ સર્વે નંબર મા બીજુ જોડાણ નિયમાધીન મળી શકે નહી. આવા કારણોસર, અરજદાર શ્રી કારૂભાઈ કાનાભાઈ લખમણભાઈ ભાદરકા ને, આ નિયમાધીન બાબત ની જાણકારી આપી, અને તેઓ શ્રી ની મુળ તા.૧૬–૦૧–૦૮ ની, મંજુરી ની પ્રક્રીયા હેઠળ આવેલ, ૦૫ હોપા ના સામાન્ય યોજના હેઠળ ના નવા ખેતીવાડી વીજજોડાણ ને, મુળ અરજદાર અથવા તો તેમના સીધીલીટી ના વારસદાર ના નામે, મુળ અરજદાર અથવા તો તેમના સીધીલીટી ના વારસદાર ના નામે આવેલ અન્ય ખેતીવાડી સર્વે નંબર પર, નામ બદલી સાથે શીફ્ટીગ મેળવવા માટે ની વિધીસર ની અરજી પીજીવીસીએલ મા રજુ કરવાનુ, અરજદાર ને, પીજીવીસીએલ પક્ષકાર ના મુદ્દા નં. ૨.૧ મુજબ ની વિગતે જણાવવામા આવેલ હતુ. પીજીવીસીએલ પક્ષકાર ની આ બાબત, ફોરમ કમિટી પીજીવીસીએલ ના નિયમાધીન યોગ્ય ઠરાવે છે. |
| **૩.૨** | ઉપરોક્ત મુદ્દા નં. ૩.૧ ના અનુસંધાને, પીજીવીસીએલ પક્ષકાર ના મુદ્દા નં. ૨.૨ મુજબ ની વિગતે મુળ અરજદાર શ્રી કારૂભાઈ કાનાભાઈ લખમણભાઈ ભાદરકા ની અરજી, કે જે સામાન્ય પ્રતિક્ષાયાદી ક્રમ: ૪૪૧ મા નોંધાયેલ છે, તે અરજી ને, '' મુળ કારૂભાઈ કાનાભાઈ ભાદરકા ના નામ પરથી, તેમના પત્નિ શ્રી હીરીબેન કારૂભાઈ ભાદરકા ના નામ પર, નામ બદલી સાથે મુળ માંગણી મુજબ ના સર્વે નંબર : ૧૨૭ માથી, તેમના પત્નિ શ્રી હીરીબેન કારૂભાઈ ભાદરકા ના નામ પર ના સર્વે નંબર : ૧૨૪ ની જમીન પર'' નામ બદલી સાથે ની, શીફ્ટીગ ની અરજી, જે પીજીવીસીએલ મા તા.૦૫–૦૪–૧૬ ના રોજ, રૂ.૫૦૦/– નોંધણીચાર્જ ( રૂ.૩૦૦ નામ બદલી અને રૂ.૨૦૦ શીફ્ટીગ ) જે રસીદ નંબર:૭૦૦૦૦ થી ભરપાઈ કરી અને નોંધાવેલ હતી. જેથી, પીજીવીસીએલ તરફથી, શીફ્ટીગ ની માંગણી મુજબ ના સ્થળ એટલેકે સર્વે નંબર : ૧૨૪ ની જમીન નુ સર્વેક્ષણ કરતા, માંગણી મુજબ ના શીફ્ટીગ ના સર્વે નંબર : ૧૨૪ ની જમીન પર બોર / કુવો હૈયાત ન હોવાની બાબત પીજીવીસીએલ ને જણાયેલ હતી. જેથી, અરજદાર શ્રી ની સદર નામ બદલી સાથે ની, શીફ્ટીગ ની અરજી પીજીવીસીએલ કક્ષાએથી પત્ર વ્યહવાર હેઠળ પડતર રખાયેલ છે. |
| **૩.૩** | જેથી, હવે પીજીવીસીએલ પક્ષકાર ના મુદ્દા નં. ૨.૩ મુજબ ની વિગતે, અરજદાર શ્રી કારૂભાઈ કાનાભાઈ લખમણભાઈ ભાદરકા એ, ફોરમ કમિટી ની તા.૨૪–૦૫–૧૬ ની મીટીગ મા રૂબરૂ ઉપસ્થિત રહી, અને મૌખીક ચર્ચા દરમ્યાન, ફોરમ કમિટી સમક્ષ ની વિનંતી હેઠળ જણાવ્યા મુજબ, હવે તેઓ શ્રી, તેમની તા.૦૫–૦૪–૧૬ ના રોજ ની નોંધાયેલ નામ બદલી સાથે ની, શીફ્ટીગ ની અરજી મા, થોડો સુધારો કરી, અને તેઓની વર્ષ–૨૦૦૮ ની મુળ અરજી વાળુ જોડાણ, જે અરજી મા કરાયેલ માંગણી મુજબ ના સર્વે નંબર : ૧૨૪ ની જમીન ને બદલે, તેમના એટલેકે અરજદાર અથવા તો તેમના સીધીલીટી ના વારસદારો ના નામના અન્ય સર્વે નંબર : ૩૨૮ અથવા તો બીજા સર્વે નંબર પર, નવો કુવો / બોર કરાવી અને તે મુજબ નામ બદલી સાથે, હવે પછી ની માંગણી મુજબ ના સર્વે નંબર ૩૨૮ અથવા તો બીજા સર્વે નંબર પર શીફ્ટીગ મેળવવા માટે ઈચ્છે છે. |
| **૩.૪** | મુદ્દા નં. ૩.૩ મુજબ ની અરજદારની વિનંતી. ફોરમ કમિટી તરફથી ગ્રાહય રાખેલ છે. અને અરજદાર ને ફોરમ કમિટી તરફથી જણાવવામા આવેલ છે કે, જો હવે તેઓ શ્રી તેમની માંગણી મુજબ ના, અગાઉ ના સર્વે નંબર : ૧૨૪ સીવાય ના તેમના અથવા તો, તેમના સી ધીલીટી ના વારસદારો ના નામના અન્ય સર્વે નંબર મા, કે જેમા બોર / કુવો ન હોય તો, દિન –૧૨૦ મા, બોર / કુવો કરી, માંગણી મુજબ ના શીફ્ટીગ ના સ્થળ ની અદ્યતન સ્થિતી ના દાખલાઓ ૭/૧૨, ૮–અ, હકક પત્રક નં.–૬, પાણીપત્રક નં.–૧૬ ( બોર / કુવા નો દાખલો) તેમજ જયા જરૂર જણાય ત્યા રૂ.૧૦૦/– ના નોટરાઈઝ સ્ટેમ્પપેપર પર ના સંમતીપત્ર રજુ કરશે તો, પીજીવીસીએલ તરફથી તેઓ શ્રી ની તા.૦૫–૦૪–૧૬ ના રોજ ની નોંધાયેલ નામ બદલી સાથે ની, શીફ્ટીગ ની અરજી મા, જરૂરી સુધારો કરી અને નવેસર થી દરખાસ્ત રજુ કરી, અને સક્ષમ કચેરી ની મંજુરી મેળવી અને, તે મુજબ અરજદાર શ્રી ને મુળ તા.૧૬–૦૧–૨૦૦૮ ના રોજ ની સામાન્ય પ્રતિક્ષાયાદી રજીસ્ટર મા ક્રમ: ૪૪૧ મા નોંધાયેલ અરજી વાળુ, નવુ ૦૫ હોપા નુ સામાન્ય યોજના હેઠળ નુ ખેતીવાડી વીજજોડાણ, જે અરજદાર શ્રી ને, તેમની માંગણી મુજબ ના, અરજદાર શ્રી ના અથવા તો તેમના સીધીલીટી ના વારસદારો ના નામના નામ પર અને, માંગણી મુજબ ના સ્થળ, કે જે અરજદારશ્રી અથવા તો તેમના સીધીલીટી ના વારસદારો ના નામે આવેલ હોય, તેવા સ્થળ પર શીફ્ટીગ સાથે નામ બદલી હેઠળ ચાલુ કરવાની નિયમાધીન પ્રણાલી અંતર્ગત ની તમામ કાર્યવાહી, જે દિન–૧૫૦ મા, અત્રે ના ફોરમ ની જાણકારી હેઠળ, પૂર્ણ કરવા સંબધ નો , પીજીવીસીએલ પક્ષકાર ને આદેશ આપવા બાબતે નો, સદર કેઈસ મા ફોરમ કમિટી તરફથી નિષ્કર્ષ થયેલ છે. |

**મુદ્દા નં.–૪ :** **હુકમ**

| | |
|---|---|
| ૪.૧ | ફોરમ સમક્ષ ના ફરીયાદી અરજદાર શ્રી, કારૂભાઈ કાનાભાઈ લખમણભાઈ ભાદરકા, તેઓ શ્રી ની, તા.૧૬–૦૧–૦૮ ના રોજ નોંધાયેલ, અને સામાન્ય પ્રતિક્ષાયાદી રજીસ્ટર મા ક્રમ: ૪૪૧ મા, મંજુરી ની પ્રક્રીયા હેઠળ પડતર રહેલ એવી, નવા ૦૫ હોપા ના સામાન્ય યોજના હેઠળ ની ખેતીવાડી વીજજોડાણ ની અરજી ને, અરજદાર શ્રી કારૂભાઈ કાનાભાઈ લખમણભાઈ ભાદરકા જે, સદર કેઈસ મા, ફોરમ કમિટી તરફથી થયેલમુદ્દા નં. ૩.૪ મુજબ ની વિગતે, તેમની માંગણી મુજબ ના, અરજદાર શ્રી ના અથવા તો સીધીલીટી ના વારસદારો ના નામ પર ના ખેતીવાડી સર્વે નંબર પર નામ બદલી સાથે ચાલુ કરવા માટે, નિષ્કર્ષ ના મુદ્દા નં. ૩.૪ મુજબ ની વિગતે ના દસ્તાવેજીક પેપર્સ, જે દિન –૧૨૦ મા, જો અરજદાર પક્ષકાર પીજીવીસીએલ મા રજુ કરશે તો, પીજીવીસીએલ તરફથી, તેઓ શ્રી ની, અગાઉ તા.૦૫–૦૪–૧૬ ના રોજ, રૂ.૫૦૦/– નોંધણીચાર્જ ( રૂ.૩૦૦ નામ બદલી અને રૂ.૨૦૦ શીફટીંગ ) પીજીવીસીએલ મા ભરપાઈ કરાયેલ હોય તે નામ બદલી અને શીફટીગ વાળી અરજી મા, નિયમાધીન સુધારા કરીને, નવેસર થી દરખાસ્ત ઉપલી કચેરી સમક્ષ રજુ કરીને, તે અન્વયે ની નિયમાધીન પ્રણાલી અંતર્ગત ની મંજુરી સબબ ની તમામ કાર્યવાહી, જે દિન–૧૫૦ મા, અત્રે ના ફોરમ ની જાણકારી હેઠળ, પૂર્ણ કરવા સબબ નો , પીજીવીસીએલ પક્ષકાર ને આદેશ આપવામા આવે છે. |

( કે.જે.મોટાણી )
સ્વતંત્ર સભ્ય
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ

( એમ.એન.ઓઝા )
સભ્ય (ટેક)
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ

(ટી.બી.ભીમાણી)
ચેરમેન
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ

<u>નોંધ</u> જો સદર નિર્ણય સાથે આપ સંમત ન હોય તો, આપ શ્રી તરફથી સદર નિર્ણય સામે, નિર્ણયપત્ર મળ્યા પછીનાં ૩૦ દિવસની અંદર, ''નામદાર ઓમ્બુડ્સમેન (વિદ્યુત લોકપાલ), ગુજરાત વીજ નિયંત્રક આયોગની કચેરી, બ્લોક નં. ૩, પોલિટેકનીક કંપાઉન્ડ, આંબાવાડી, અમદાવાદ-૩૮૦ ૦૧૫'' સમક્ષ લેખિત અપીલ અરજી કરી શકાય છે. અપીલ અરજી જો નાણાંકીય બાબત સબંધક હોય તો, સદર રકમના ૩૩% રકમ પીજીવીસીએલમાં વાંધા સાથે ભરપાઇ કરાયેલ હોવાનો ઉલ્લેખ અપીલ અરજીમાં થવો જરૂરી છે..